(ISSN : 2321-2853)

# International Journal of Research in all Subjects in Multi Languages (IJRSML)

Vol. 4, Issue 4, April :2016

Editor-in-Chief
RET Academy for International Journals of Multidisciplinary Research (RAIJMR)
www.raijmr.com

Scanned with CamScanner

Copyright © 2016
All Rights Reserved
Contact us : editorraijmr@yahoo.com




**Published By**
Rudra Education Trust (Regd.)
143 Gokuldham Society, Modhera Road, Village: Dediyasan
TQ. & Dist. Mehsana. Gujarat (India)



Scanned with CamScanner

# International Journal of Research in all Subjects in Multi Languages (IJRSML)

**ISSN: 2321-2853**

**Vol. 4, Issue: 4, April: 2016**



| Sr. | Contents | Pg. No. |
|---|---|---|
| 1 | માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા થતો કમ્પ્યૂટર ઉપયોગનો અભ્યાસ પેજ<br>*ડૉ. સીતારામભાઈ પી. દેશમુખ* | 1-5 |
| 2 | શિક્ષણ સ્નાતકના તાલીમાર્થીઓ માટે સામાજિક વિજ્ઞાન પધ્ધતિમાં પ્રશ્નબેંકની રચના અને અજમાયશ<br>*ડૉ. છનાભાઈ એન. ભીસરા* | 6-11 |
| 3 | 'પ્રેમચંદની વાર્તાઓ' વાર્તા સંગ્રહ મારી દ્રષ્ટિએ<br>*ડૉ. એલ.એસ. મેવાડા* | 12-20 |
| 4 | A Bibliometric Analysis of the Journal of Indian Prosthodontic Society (2011-2015)<br>*Rajanikant P. Patel et al.* | 21-29 |
| 5 | ગઝલકાર અમૃત 'ઘાયલ'<br>*વર્ષાબેન કેસરસિંહ પરમાર* | 30-33 |
| 6 | સમર્થ સાહિત્યકાર મુનશી અને પૃથિવીવલ્લભ<br>*ડૉ. મુકુંદભાઈ એચ. પટેલ* | 34-39 |
| 7 | ભારતમાં કેન્દ્ર-રાજ્ય સંબંધો : અનુચ્છેદ ૩૫૬ના સંદર્ભમાં<br>*ડૉ. હેમા જિકાદરા* | 40-46 |
| 8 | શ્રી પી. કે. વાલેરાની આત્મકથા(ભાગ ૨ અને ૩)માં પ્રતિબિંબિત આદિવાસી સમાજ<br>*ડૉ. રાજેશ બી.કોઠારી* | 47-58 |
| 9 | કવિ શ્રી શિવરામ ત્રિપાઠી રચિત 'नक्षत्रमाला'<br>*ડૉ. સુરેખા કે. પટેલ* | 59-61 |


Scanned with CamScanner

International Journal of Research in all Subjects in Multi Languages
[Author: Dr. Surekha K. Patel [Subject: Sanskrit]
Vol. 4, Issue: 4, April : 2016
(IJRSML) ISSN: 2321 - 2853

# કવિ શ્રી શિવરામ ત્રિપાઠી રચિત 'नक्षत्रमाला'

ડૉ. સુરેખા કે. પટેલ
સંસ્કૃત વિભાગ
જી.ડી. મોદી આર્ટ્સ કોલેજ, પાલનપુર.

'કાવ્યમાલા' સિરીઝના પાંચમા ગુચ્છકમાં પ્રકાશિત થયેલી 'नक्षत्रमाला' કૃતિના કર્તા કવિશ્રી 'શિવરામ ત્રિપાઠી' શ્રી ત્રિલોકચન્દ્રના પુત્ર, કૃષ્ણરામના પુત્ર હતા. આ શિવરામ ત્રિપાઠી ખ્રિસ્તી સંવતના અઢારમા સૈકાના પૂર્વાર્ધમાં જન્મેલા નાગેશભટ્ટથી પણ અર્વાચીન છે. તેથી, અહીં તેઓ 'नक्षत्रमाला' ઉપરની 'लक्ष्मीविलास' નામની ટીકામાં તેમણે રચેલા 'परिभाषेन्दुशेखर'નું સ્મરણ કરે છે. તેઓએ પોતે જ નીચે મુજબના ગ્રંથો ટીકાની સમાપ્તિમાં ગણાવ્યા છે. ૧.'कादम्बरीटीका', ૨. 'दशकुमारचरितटीका', ૩. 'नक्षत्रमालासटीका', ૪. 'रसरत्नहार: सटीक:' અને ૫. 'वासवदत्ताटीका' આ પાંચેય ગ્રંથો અત્યારે પણ ઉપલબ્ધ છે. આ કૃતિની 'लक्ष्मीविलास' નામની ટીકા તેમણે પોતે રચેલી છે. તેમણે પાંચ કાવ્યો, પાંચ ટીકાઓ, સત્તર ઉણાદિકોશની રચના કરી છે. કૃતિના અંતિમ પદ્યમાં કવિએ 'विद्याविलास'નો પણ ઉલ્લેખ કર્યો. છે. કવિશ્રીએ અંતિમ બે પદ્યોની ટીકામાં કહ્યું છે,આ ગ્રંથ ચારિત્ર્યશીલ વિદ્વાનોના આનંદ માટે બની રહો.

કવિશ્રી શિવરામ ત્રિપાઠીની 'नक्षत्रमाला'કૃતિ એકત્રીસ પદ્યોમાં રચાયેલી છે. 'નક્ષત્રમાલા' એક અલંકાર છે. ગળામાં પહેરવાના આ પ્રકારના હારમાં સત્તાવીશ રત્નો હોય છે. જેવી રીતે ચન્દ્રમા સત્તાવીશ નક્ષત્રોથી શોભે છે, તેમ આ 'नक्षत्रमाला' પંડિત કંઠમાં શોભે છે. (પદ્ય-૩૦) આ કૃતિના અંતિમ પદ્ય (૩૧) માં તેમણે પોતાનો પરિચય આપ્યો છે. આ કાવ્યની વિશિષ્ટતા એ છે કે આ કાવ્યમાં વ્યાકરણના સિદ્ધાંતોનું દિશાસૂચન કરવામાં આવ્યું છે અને અંતે શિવ અને રામની કૃપાથી લક્ષ્મી અને કીર્તિ પ્રાપ્ત કરો એવી શુભેચ્છા પણ કવિએ પાઠવી છે.

'नक्षत्रमाला' કૃતિને આરંભે કવિએ બે પદ્યોમાં ગંગા અને શબ્દવિદ્યાનું ઈષ્ટસિદ્ધિ માટે ચિંતન કર્યું છે અને શિવપાર્વતી તેમજ શેષાવતાર લક્ષ્મી સાથે શોભતા રામની સ્તુતિ કરી, કવિએ મંગલ કર્યું છે. તેમણે કરેલી શિવ-પાર્વતીની સ્તુતિ તેમજ શેષાવતાર લક્ષ્મી સાથે શોભતા રામની સ્તુતિથી શૈવ અને વૈષ્ણવ પરંપરાના કવિ હોવાનું જણાઈ આવે છે.

ત્યાર બાદ કવિશ્રીએ શૃંગાર સાથે પાણિનીય વ્યાકરણને સુંદર રીતે ગૂંથી લીધું છે. ગોત્રસ્ખલન સાથે પાણિનીય સૂત્ર સમજવામાં થયેલી ભૂલ વ્યાખ્યાનથી દૂર થાય છે, તે માનવતી નાયિકાના આલેખન સાથે જોડી દીધું છે (પદ્ય-૨) તો ખંડિતા નાયિકાને કોઈ એક ભાગમાં વિકૃતિ હોવાથી બદલાઈ જતી નથી, એવી વ્યાકરણની પરિભાષા પણ અહીં વણી લીધી છે. (પદ્ય-૩) ચોથા પદ્યમાં અનુનય કરવા છતાં ગુસ્સે થયેલી નાયિકાના વર્ણનમાં 'लक्ष्ये लक्षणं सकृदेव प्रवर्तते ।'ની વ્યાકરણ પરંપરા આપી છે. પાંચમા પદ્યમાં ગૌણી લક્ષણાથી પરકીયા નાયિકા અન્યના સંભોગથી દુઃખી થયેલી જણાવવા 'गौणाहीक लक्षणा' અને 'परिभाषा' નો પ્રયોગ કરેલો છે, તો ગુણોને ગ્રહણ કરનારી નારીના વર્ણનમાં 'गुणीभूतशास्त्र' અવયવ તરીકે બતાવ્યું છે અને 'प्रनिस्वास्यती' વગેરેમાં વ્યાકરણનો અનિત્ય પ્રયોગ વણી લીધો છે. (પદ્ય-૬) આઠમા પદ્યમાં ક્રીડાના અંતે નાયિકાને અંગ કાર્ય થયું હોય ત્યાં ફરીથી અંગકાર્ય થતું નથી, એમ કહી 'ह्रस्वस्य गुणः' દ્વારા હ્રસ્વવિધાન સામર્થ્ય દર્શાવ્યું છે. માનિની દૂતીને પાછી કાઢે છે ત્યાં દ્વિગુણ સમાસમાં 'द्विगोर्लुक्' लुक् પ્રત્યય દ્વારા થતું વિધાન દર્શાવી દ્વિગુસમાસ



Scanned with CamScanner